કોઈ મરવા માટે કામ પર નથી જતું

કેટલાંક મૂળભૂત આરોગ્ય અને સુરક્ષા મુદ્દા

- તમને મજૂર સંગઠનમાં જોડાવાનો હક છે.
- મજૂર સંગઠને તમારા આરોગ્ય અને સુરક્ષાના રક્ષણ માટે  આયોજન કરવું જોઈએ.
- સુરક્ષા અંગેની ચિંતા વ્યક્ત કરવા માટે તમને પાણીચું પણ ન આપી શકાય કે સજા પણ ન કરી શકાય
- તમે જેની સાથે કામ કરો છો તે મજૂર સંગઠન તમારા માલિક કરતાં પણ વધુ સારી રીતે તમારી રક્ષા કરશે જો તમે સુરક્ષાના મુદ્દે સાથે મળીને કામ કરશો.
- કોઈ સુરક્ષા નિષ્ણાતઃ  મેનેજર કે સલાહકાર કે કોઈ કહેવાતા “નિષ્ણાત” પર આધાર રાખવાને બદલે, મજૂર સંગઠનના સુરક્ષા પ્રતિનિધિ મદદના સમયે હાજર હોય તે બહેતર છે.
- અધિકૃત નિરીક્ષક તો ક્યારેય તમે જોઈ જ નહીં શકો.
- જો તમને અધિકૃત નિરીક્ષક દેખાય તો, દુર્ભાગ્યવશ, એ એટલાં માટે હશે કે કોઈ મૃત્યુ પામ્યું છે કે કોઈ ખૂબ જોખમી અકસ્માત થયો છે.
- તમારી સલામતી માટે તમને જોખમી લાગે કે, જેની તમને તાલીમ ન મળી હોય તેવું કશું ન કરો – દેખીતા જોખમો અંગે જાણકારી, સૂચન અને તાલીમનો તમને હક છે.
- જો તમને કશુંક જોખમી લાગે કે જેના કારણે ગંભીર ઈજા કે તમારે કે અન્ય કોઈનું મૃત્યુ પણ થઈ શકે એમ હોય તો તાલીમબદ્ધ આરોગ્ય અને સુરક્ષા પ્રતિનિધિ કામના સ્થળે તમામ સુરક્ષા પદ્ધતિઓ અંગે કે તમામ જોખમી પરિસ્થિતિઓને કાબૂમાં લેવામાં આવી છે તેવો વિશ્વાસ ન ધરાવે ત્યાં સુધી તે કામ ન કરો.

ચકાસ્યા સિવાય ન કરવા જેવા કામના ઉદાહરણોઃ

- ઊંચાઈ પર અસલામત કામ.
- એસ્બેસ્ટોસ કે શંકાસ્પદ એસ્બેસ્ટોસ મટિરિયલ સાથે કામ.

- અસુરક્ષિત/અયોગ્ય જાળવણીવાળું/ક્ષતિગ્રસ્ત કે સાધન સાથે ચેડા કરેલ હોય તેવું કંઈપણ.
- આગનું જોખમ હોય તેવું કંઈપણ.
- ઝેરી રસાયણો વાળું કામ.
- ઈલેક્ટ્રોક્યુશનના જોખમવાળી કોઈપણ પરિસ્થિતિ.
- પરિવહનઃ   કાર, વાન, ભારે સામાન લઈ જતા વાહનો, ડમ્પર્સ, કોઈ ખાસ પ્લાન્ટ.

અને હજીતો આ યાદી અધૂરી છે.